પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૯ | ૧૮ ઓગસ્ટ, ૨૦૧૮, શનિવાર; શ્રાવણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અટલ અનંતમાં વિલિન

## વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પુત્રી નમિતાએ અગ્નિદાહ આપ્યો : દેશની ત્રણેય સેનાઓના વડા દ્વારા પણ શ્રદ્ધાંજલિ અપાઈ : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન મોદી પણ ઉપસ્થિત : અંતિમ યાત્રામાં માનવ મહેરામણ


નવી દિલ્હી,તા. ૧૭

અટલ આત્મા પરમાત્મામાં વિલિન થઈ જતાં દેશભરમાં તેમના કરોડો સમર્થકો દુખમાં ગરકાવ દેખાયા હતા. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની પુત્રી નમિતાએ અગ્નિદાહ આપ્યો હતો. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સ્મૃતિ સ્થળ પર વાજપેયીના સંપૂર્ણ સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આની સાથે જ તેઓ પંચ મહાભૂતોમાં વિલિન થયા હતા. અંતિમ સંસ્કાર સ્થળ ઉપર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સહિત તમામ રાજકીય પક્ષોના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અટલ બિહારી વાજપેયીના શરીરથી તિરંગાને લપેટીને અંતિમ સંસ્કાર સ્થલે લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તિરંગાને દૂર કરીને આ તિરંગો નિહારીકાને સોંપવામાં આવતા તમામ લોકો ભાવનાશીલ બન્યા હતા. ભુટાન નરેશ જિગ્મે ખેસર પણ વાજપેયીને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. વાજપેયીના અવસાન ઉપર વિશ્વના દેશોએ પણ શોક વ્યક્ત કર્યો છે. સ્મૃતિ સ્થળ પર પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ આપવા માટે પ્રમુખ બિપીન રાવત, નૌકા સેનાના પ્રમુખ એડમિરલ સુનિલ લાંબા, એરચીફ માર્શલ વિરેન્દ્રસિંહ ધનુઆ પણ ઉપસ્થિત રહ્યા હતા. જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા જેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ, અશોક ગેહલોત, આનંદ શર્માનો સમાવેશ થાય છે. અગાઉ અટલ બિહારી વાજપેયીની અંતિમ યાત્રામાં લોકો ઉમટી પડ્યા હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી

● અનુસંધાન પાન-૭ પર














## ...ને અટલજી ૧૩ નંબરને લકી માનવા લાગ્યા હતા

ન્યુ દિલ્હી,તા.૧૭

જેન નંબરને દુનિયા આખી અપશુકનિયાળ માને છે તેને ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી લકી માનતા હતાં. ત્રણવાર વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કરનારા અટલ બિહારી વાજપેયીને ૧૩ નંબર સાથે કંઈક ખાસ લગાવ હતો. વાજપેયી જ્યારે ૧૯૯૬માં વડાપ્રધાન બન્યા તો તેમની સરકાર ૧૩ દિવસ ચાલી શકી. ૧૯૯૬માં ૧૩ મે એ જ તેમને વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કર્યાં હતાં.

બીજી વાર જ્યારે ૧૯૯૮માં તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે પણ તેમની સરકાર ૧૩ મહિના ચાલી. તેના ૧૩ મહિના બાદ જ તેઓ સત્તામાં ફરી પાછા ફર્યા અને ૧૩ રાજકીય પાર્ટીઓ સાથે મળીને સરકાર રચી. ત્રીજી વાર તેમને ૧૩ ઓક્ટોબર ૧૯૯૯ના રોજ શપથ ગ્રહણ કર્યા અને પાંચ વર્ષનો કાર્યકાળ પુરો કર્યો. તેમની સરકારે પુખરણમાં પરમાણુ વિસ્ફોટ પણ ૧૧ થી ૧૩ મે વચ્ચે જ કર્યો. સલાહકારો અને સહયોગીના ટોકવા છતાંયે અટલજી ૧૩ નંબરને જ લકી માનતા હતાં. જોકે ૨૦૦૪ની ચૂંટણીમાં તેમના માટે આ નંબર અશુભ સાબિત થયો હતો. તેમણે આ ચૂંટણી માટે પણ ૧૩ એપ્રિલને પસંદ કરી હતી અને ૧૩ મે એ મતોની ગણતરી થઈ અને તેમને સત્તામાંથી હાથ ધોવા પડ્યાં. તેમના નજીકનાઓનું કહેવું હતું કે, કોઈ હોટલમાં પણ તે રોકાતા તો ૧૩ મો માળ અને રૂમ નંબર પણ ૧૩ જ પસંદ કરતા હતાં.

વાજપેયીજીના જન્મ અને મૃત્યુંને લઈને પણ ૧૩ અંકને લઈને અજીબ સંયોગ કર્યો હતો. જન્મ – ૨૫-૧૨-૧૯૨૪ (૨+૫+૧+૨+૧+૯+૨+૪ = ૨૬), મૃત્યુ–૧૬-૦૮-૨૦૧૮ (૧+૬+૦+૮+૨+૦+૧+૮ = ૨૬). આ બંને અંકને અડધા કરવામાં આવે તો પણ ૧૩ થાય છે.

## કેરળના ૪ જિલ્લામાં જળપ્રલયની સ્થિતિ

કોચી,તા. ૧૭

કેરળમાં છેલ્લા કેટલાક દિવસથી જારી વિનાશકારી પુરના કહેરના કારણે સ્થિતી દિન પ્રતિદિન વધુને વધુ ચિંતાજનક અને વિકરાળ બની રહ છે. મોતનો આંકડો ઝડપથી વધીને ૧૭૦થી ઉપર પહોંચી ગયો છે. બે લાખ ૨૩ હજારથી વધુ લોકો હજુ પણ રાહત કેમ્પોમાં છે. ૧૫૫૬ જેટલા રાહત કેમ્પ ઉભા કરવામાં આયા છે. મુખ્યમંત્રી પિનારાઈ વિજયનને કહ્યું છે કે ચાર જિલ્લાઓમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે. જે ચાર જિલ્લાઓમાં હાલત કફોડી બની છે તેમાં અલાપ્પુજા, એર્નાકુલમ, પઠાનમિત્થા અને ત્રિસૂરનો સમાવેશ થાય છે. અહીં પંપા, પેરિયાર અને ચાલાકુડી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તર પર પહોંચી ગઈ છે. આ નદીઓના કારણે જળપ્રકોપની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં ૮મી ઓગસ્ટથી હાલત કફોડી બનેલી છે. આઠ હજાર કરોડનું નુકસાન થયું છે. રાજ્યની

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વભરમાંથી અવિરત અંજલિ



ભૂતાન | અફઘાનિસ્તાન

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું લાંબી બિમારી પછી ગુરૂવારે સાંજે ૫.૦૫ કલાકે ઐંસ્જીમાં અવસાન થયું છે. જેના સમાચાર સમગ્ર દુનિયામાં પહોંચ્યા છે અને દરેક સ્થાનો પરથી તેમના માટે શોક પાઠવવામાં આવી રહ્યું છે. દેશમાં રાષ્ટ્રીય સાત દિવસના શોકની જાહેરાત કરવામાં આવી છે.



વાજપેયીના અવસાન પર અમેરિકા, ચીન, બાંગ્લાદેશ, બ્રિટેન, નેપાળ, જાપાન અને મોરેશિયસે દુઃખ વ્યક્ત કર્યું છે. પાકિસ્તાનના ભાવી વડાપ્રધાન ઈમરાન ખાને પણ વાજપેયીના અવસાન પર શોક વ્યક્ત કર્યું છે.

**ચીન** : જ્યારે ભારતમાં ચીનના રાજદૂત લુયો ઝાઓહુઈ ટ્વિટ કર્યું કે, સન્માનિત અટલ બિહારી વાજપેયીના અવસાન પર ભારે દુઃખ થયું છે. ચીન અને ભારતના સંબંધોને મજબૂત કરવા માટે તેમનું યોગદાન ક્યારેય ન ભૂલીશું. ૨૦૦૩માં જ્યારે તેઓ વડાપ્રધાન હતા ત્યારે તેમને ચીન યાત્રા સમયે સીમા વિવાદનો હલ કરવા માટે યોગ્ય પહલ કરી હતી. સાથે જ રાજદૂતે વાજપેયીની તસ્વીર પણ પોસ્ટ કરી છે.

**અમેરિકા** : ભારતમાં આવેલા અમેરિકા દૂતાવાસે કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પોતાના શાસનકાળમાં અમેરિકા સાથે મજબૂત સંબંધના હિમાયતી રહ્યા છે. તેમને અમેરિકાના સ્વાભાવિક સહયોગી ગણાવ્યા છે. તેમના પરિવારના સભ્યો અને ભારતના લોકો પ્રત્યે ભારે સંવેદના વ્યક્ત કરી રહ્યા છે.

**બ્રિટન** : ભારતમાં બ્રિટનના હાઈકમિશ્નરે કહ્યું કે, ભારતના પૂર્વ વડાપ્રધાન વાજપેયીના અવસાનથી અમે ઘણાં દુઃખી છીએ. અમે તેમને ભારતના એક મહાન નેતાઓ માંથી એક નેતા તરીકે તેમને હંમેશા યાદ રાખીશું. એક રાષ્ટ્ર્ધ્યક્ષના રૂપમાં બ્રિટેનમાં તેમનું ભારે સમ્માન હતું. બ્રિટન હાઈકમાન્ડે દિલ્હીમાં ઝંડો અડધી કાઠીએ ફરકાવ્યો છે.

**મોરેશિયસ** : આ તરફ મોરેશિયસ સરકારે ભારતીય પૂર્વ વડાપ્રધાનના માનમાં ભારત અને મોરેશિયસનો ઝંડો અડધી કાઠીએ ફરકાવ્યો છે. તમામ સરકારી સંસ્થાઓ પર બંને દેશના ઝંડા અડધી કાઠીએ ફરકાવવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત જાપાન અને બાંગ્લાદેશ તરફથી પણ ભારે શોક વ્યક્ત કરવામાં આવ્યો છે. બંને દેશોએ વાજપેયીને યાદ કરતાં કહ્યું છે કે, તેમના શાસનકાળમાં બંને દેશો વચ્ચેના સંબંધ વધુ મજબૂત થયા છે. જાપને ન માત્ર ભારતની પરંતુ સમગ્ર એશિયાની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય વ્યક્તિ ગુમાવી હોવાની વાત કરી છે.

## મિત્રના મૃતદેહ પાસે રડમસ ચહેરે બેસી રહ્યા અડવાણી !!!



ન્યુ દિલ્હી,તા.૧૭

૯૫ વર્ષના જીવનનો અર્થ શું થાય છે તમે સમજો છો? ભારતીયોનું સરેરાશ આયુષ્ય ૬૮.૮ વર્ષ હોય એટલે કે તેમાં ૩ વર્ષ અને કેટલાંક મહિના ઓછો. સામાન્ય રીતે લોકો જેટલું જીવે છે તેટલું તો બંને રાજનેતાએ સાથે સમય પસાર કર્યો હતો અને એટલાં વર્ષ તો તેમને દોસ્તી નિભાવી હતી. તેમને પોતાના પક્ષની શરૂઆતથી લઈ પક્ષને સત્તાના શિખર સુધી પહોંચાડી હતી. ૬ દાયકા પછી તેમના સાથનો અંત આવ્યો છે.

વાજપેયી અને આડવાણી લાંબા સમય સુધી મિત્ર રહ્યા હતા અને જ્યારે વાજપેયીને શ્રદ્ધાંજલિ આપવાનો સમય આવ્યો ત્યારે લોકોની ભીડમાં આડવાણી શાંતિથી એકલાં બેઠા હતા અને તેમની તસ્વીર તમામ વાતો વ્યક્ત કરી રહ્યું છે.

જનસંઘના દિવસોથી લઈ ભારતીય જનતા પાર્ટીની સ્થાપના સુધી અટલ બિહારી અને આડવાણી તમામ પરિસ્થિઓમાં એક સાથે રહ્યા છે અને પક્ષને મજબૂત કરવામાં તેમજ નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે હંમેશા કાર્યક્ષમ રહ્યા છે. ૨૦૦૨થી ૨૦૦૪ સુધી વાજપેયી સરકારના કાર્યકાળમાં આડવાણી દેશનાં ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર બનીને આગળ વધતાં રહ્યા છે.

આ બંને મિત્રોની મિત્રતાની શરૂઆત ૧૯૫૦માં થઈ હતી. જેમને ભારતીય જનસંઘની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જે પછી ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાની જવાબદારી પણ તેમની પાસે જ હતી. ૧૯૭૭માં વાજપેયી અને આડવાણીની જનતા પાર્ટીની ટિકિટ પરથી ચૂંટણી લડ્યા હતા.

ઘણાં મુદ્દાઓ પર અલગ અલગ વિચાર હોવા છતાં વાજપેયી અને આડવાણી વચ્ચે અતૂટ મિત્રતા બની રહી હતી. આડવાણી પણ વાજપેયીના મિત્રતા અંગે સ્પષ્ટ રીતે વાત કરતાં રહેતા હતા. એક મુલાકાતમાં આડવાણીએ કહ્યું હતું કે, જ્યારે પણ સરકારના નિર્ણય અંગે વાજપેયીને મળવા માટે કોઈ પણ મંત્રી કે લોકો પહોંચતાં તો તેઓ હંમેશા કહેતાં કે એક વાર આડવાણીજી સાથે વાત કરી લોપ જે બંનેનો એકબીજા પર રહેલો વિશ્વાસ દર્શાવે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

બાળકોને પ્રોત્સાહિત કરીએ...
તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...
દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...
Lush PLANTS
પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com
બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.

ઓગસ્ટ થી દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955